# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૪૭, ઓગસ્ટ - સપ્ટેમ્બર ૨૦૧૮



## ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી





**સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ યુજીવીસીએલ દ્વારા યોજાયો સાંસ્કૃતિક કાર્યક્રમ**



**યુજીવીસીએલે મેળવ્યા બે સ્કોચ ઓર્ડર ઓફ મેરિટ સન્માન**



**મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એ. કે. મંગલ અને કાર્યપાલક (મા.સં.) શ્રી એન. કે. ગાંધી માટે યોજાયો વિદાય સમારંભ**

અંક–૪૭
ઓગસ્ટ – સપ્ટેમ્બર ૨૦૧૮
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી સ્વરૂપ પી., આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી મિતેશ વૈષ્ણવ, સિનિયર આસિસ્ટન્ટ (કોર્પોરેટ કમ્યુનિકેશન)

**તંત્રી મંડળ**
શ્રી એ. કે. મંગલ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી પી.બી, પંડ્યા, મુખ્ય ઇજનેર (પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી જી.એચ. એન્જિનીયર, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એલ. એફ. ડાભી, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી વી. એમ. શ્રોફ, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી એલ. એ. ગઢવી, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

## આ અંક આપને કેવો લાગ્યો?

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
setech@ugvcl.com
managercc@ugvcl.in
mitesh@ugvcl.in

## આ અંકમાં

**ઉજવણી**

» ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી...................... ૦૪

» સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ યુજીવીસીએલ દ્વારા યોજાયો સાંસ્કૃતિક કાર્યક્રમ.................. ૦૬

» સદભાવના દિવસની ઉજવણી.................... ૦૭

**સન્માન**

» યુજીવીસીએલે મેળવ્યા બે સ્કોચ ઓર્ડર ઓફ મેરિટ સન્માન...................... ૦૮

**વૃક્ષારોપાણ**

» ગાંધીનગર ખાતે યોજાયો વૃક્ષારોપણ કાર્યક્રમ..... ૦૯

**વિદાય સમારંભ**

» મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એ. કે. મંગલ અને કાર્યપાલક (મા.સં.) શ્રી એન. કે. ગાંધી માટે યોજાયો વિદાય સમારંભ......................... ૧૦

**સંક્ષિપ્ત સમાચાર**

» સુજલામ સુફલામ જળ સંચળ અભિયાન અંતર્ગત ચારૂપ ગામ ખાતે તળાવને ઊંડું કરવાનો કાર્યક્રમ યોજાયો.................... ૧૨

**હેલ્થ ચેકઅપ**

» શેલ્બી હોસ્પિટલ, અમદાવાદ તરફથી યુજીવીસીએલ ખાતે યોજાયો હેલ્થ ચેકઅપ કેમ્પ................. ૧૩

**સ્પોર્ટ્સ**

» ૧૩મી ઇન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું હિંમતનગર વર્તુળ કચેરી દ્વારા આયોજન......... ૧૪



**આપણી કંપનીને પ્રતિષ્ઠિત સ્કોચ ગ્રૂપ દ્વારા નવીદિલ્હી ખાતે યોજાયેલ એક ખાસ કાર્યક્રમમાં ઓપરેશન મેનેજમેન્ટ અને સોલાર રૂફ ટોપ પ્રોજેક્ટ માટે બે સ્કોચ ઓર્ડર ઓફ મેરિટ સન્માન એનાયત કરવામાં આવ્યા છે. આપ સૌને મારા અભિનંદન.**

**પ્રિય કર્મચારી મિત્રો,**


'આપણું યુજીવીસીએલ'નો આ અંક આપ વાંચી રહ્યા હશો ત્યારે તહેવારના ઉમંગભર્યા દિવસોની શરૂઆત થઈ ગઈ હશે. આમ તો ઓગસ્ટ અને શ્રાવણ મહિનાથી જ તહેવારોનો માહોલ જામવા લાગે અને નવરાત્રિ નજીક આવતા દિવાળી પણ તદ્દન નજીક દેખાવા લાગે. દિવાળીનું આપણી સંસ્કૃતિમાં પ્રકાશના પર્વ તરીકે અનેરું મહત્ત્વ છે. એ જ રીતે આપણી કંપની યુજીવીસીએલમાં પણ આપણા તમામ કાર્યનો મુખ્ય આધાર વીજળી એટલે કે પ્રકાશ અને ઊર્જા છે. આપણે સતત કાર્યનિષ્ઠાથી પોતાનું કામ ચોકસાઈ અને પૂજાભાવથી કરતા રહીએ તો ખેડૂતોના ખેતરોમાં પાણી અને ઘરમાં સમૃદ્ધિ, અનેક નાના મોટા વેપાર ઉદ્યોગોમાં સમૃદ્ધિ તથા અનેક વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોના જીવનમાં જ્ઞાન અને ખુશાલીનો પ્રકાશ ફેલાતો રહે છે.

મને એ વાતનો ગૌરવ અને આનંદ છે કે આપ સૌ આપણી કંપનીની પ્રતિષ્ઠા સતત વધારી રહ્યા છો. આપણી કંપનીના ગૌરવવંતા ઇતિહાસમાં આપણે અત્યાર સુધીમાં અનેક એવોર્ડ અને સન્માન મેળવ્યા છે અને એ લાંબી યાદીમાં હજી ગયા મહિને જ વધુ ઉમેરો થયો છે. આપણી કંપનીને પ્રતિષ્ઠિત સ્કોચ ગ્રૂપ દ્વારા નવીદિલ્હી ખાતે યોજાયેલ એક ખાસ કાર્યક્રમમાં ઓપરેશન મેનેજમેન્ટ અને સોલાર રૂફ ટોપ પ્રોજેક્ટ માટે બે સ્કોચ ઓર્ડર ઓફ મેરિટ સન્માન એનાયત કરવામાં આવ્યા છે. આપ સૌને મારા અભિનંદન.

આપણી કંપની દ્વારા વિશ્વસનિય વીજ વિતરણ સુનિશ્ચિત કરવા ઉપરાંત સામાજિક ઉત્તરદાયિત્વની પ્રવૃત્તિઓ પણ નિયમિત રીતે હાથ ધરવામાં આવે છે. એ અંતર્ગત હમણાં કંપનીએ પોતાના કાર્યક્ષેત્ર હેઠળ પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના ચારુપ ગામે તળાવ ઊંડું કરવાનું અભિયાન હાથ ધર્યું છે.

અનેક લોકોના જીવનમાં ખુશાલીનો ઉજાસ રેલાવતી આપણી આ પ્રવૃત્તિઓ સતત વિસ્તરતી રહે એવી પ્રાર્થના.

આપને અને આપના પરિવારજનોને ખુશાલીભરી દિવાળી તથા સુખ-શાંતિ, સ્વાસ્થ્ય, સમૃદ્ધિ અને આનંદથી સંપન્ન નૂતન વર્ષની શુભેચ્છાઓ.



**સ્વરૂપ પી.**, આઇએએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ૧૫ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ સ્વતંત્રતા દિવસની ઉજવણી ખૂબ જ હર્ષોલ્લાસથી કરવામાં આવી.

સાબરમતી વર્તુળ કચેરીના પ્રાંગણમાં કંપનીના માનનીય ચેરમેન શ્રી વરુણ માયરા, (આઈ.એ.એસ. નિવૃત્ત)ના નેતૃત્વ હેઠળ યોજાયેલ કાર્યક્રમમાં અધિક્ષક ઈજનેર શ્રી વી. એમ. શ્રોફ તેમજ અન્ય અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈઓ-બહેનો તથા બાળકોએ મોટી સંખ્યામાં હાજર રહીને કાર્યક્રમને નિહાળ્યો હતો.

કોર્પોરેટ ઓફિસ, મહેસાણા ખાતે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપ પી., આઈ. એ. એસ.ના નેતૃત્વ હેઠળ યોજાયેલ કાર્યક્રમમાં મુખ્ય ઈજનેર (પી.) શ્રી પી. બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાયનાન્સ) એન્ડ સી. એફ. ઓ. શ્રી આર. બી. કોઠારી, વિશેષ મહાપ્રબંધક (માનવ સંસાધન) શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી. જે. ત્રિવેદી, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક. એન્ડ વિજિલન્સ) શ્રી એન.સી. મકવાણા, વિશેષ મુખ્ય ઈજનેર (કોમર્સ) શ્રી જે. એલ. ભટ્ટ, વિશેષ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ) શ્રી એસ. એ. પટેલ તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈઓ-બહેનો, નિવૃત્ત કર્મચારીઓ તથા બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૧૫ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ સવારે ૯ વાગે સાબરમતી ખાતે શ્રી માયરાએ અને મહેસાણા ખાતે શ્રી સ્વરૂપે દેશના રાષ્ટ્ર ધ્વજને ફરકાવીને સલામી આપી હતી.

પ્રાસંગિક ઉદ્બોધનમાં શ્રી સ્વરૂપે જણાવ્યું હતું કે ભારત સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા જુલાઈ ૨૦૧૮ દરમિયાન બહાર પાડવામાં આવેલ છઠ્ઠા વાર્ષિક ઇન્ટીગ્રેટેડ રેટિંગ્સમાં આપણી કંપનીને ''એ પ્લસ'' રેટિંગ્સ મળ્યું છે. આ રેટિંગ્સના





આધારે કહી શકાય કે આપણી કંપની દેશની તમામ વીજ વિતરણ કંપનીઓમાં અગ્ર સ્થાન ધરાવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે જૂન ૨૦૧૮ દરમિયાન આપણી કંપનીને ત્રણ અલગ અલગ કેટેગરીઓમાં સ્કોચ એવોર્ડ્સ પણ મળેલ છે. એ. ટી. એન્ડ સી. લોસ સિસ્ટમ, ઇ-ગ્રામ અને પાવર મેનેજમેન્ટ સિસ્ટમ કેટેગરીઓમાં યુજીવીસીએલને સ્કોચ સિલ્વર એવોર્ડ્સ મળેલ છે. શ્રી સ્વરૂપે આ સિદ્ધિઓ બદલ કંપનીના તમામ અધિકારીશ્રીઓ-કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા તેમજ કંપની ઉત્તરોત્તર નવી ઊંચાઈ સર કરે તેવી આશા વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમ દરમિયાન ઉમદા કંઠકાર કર્મચારીઓ દ્વારા દેશભક્તિના ગીતો ગવાયા હતા અને દેશપ્રેમને વેગ આપવાનો પ્રસંગ બન્યો હતો.













સાબરમતી ખાતે કાર્યક્રમમાં શ્રી માયરાએ ધ્વજવંદન બાદ પટાંગણમાં ૧૦૦ વૃક્ષોનું વાવેતર કરીને પ્રકૃતિ પ્રત્યે સભાનતા દાખવવાનો પ્રયત્ન કર્યો હતો, જેની પ્રેરણા તમામ હાજર અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈઓ-બહેનો તથા બાળકોએ લીધી હતી. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી માયરાએ પર્યાવરણ પ્રત્યે દરેક મનુષ્યની જવાબદારી રહેલી છે, તેનું પાલન કરવા સૌ કોઈને અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમ દરમિયાન શ્રીમતી માયરાના શુભ હસ્તે નાના બાળકોને ઇનામ વિતરણ કરીને પ્રોત્સાહન અપાયું હતું.

કર્મચારીઓના પુત્ર-પુત્રીઓ કે જેઓ શૈક્ષણિક ક્ષેત્રે કે અન્ય ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલ હોય તેવા બાળકોને મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા તથા ઉપસ્થિત ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

સદર કાર્યક્રમ બાદ સાબરમતી અને મહેસાણા ખાતે તમામ અધિકારીશ્રીઓ-કર્મચારીઓ તેમજ બાળકો માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

મેનેજિંગ ડિરેક્ટરશ્રીના નેતૃત્વ હેઠળ સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ તા. ૧૪ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ સાંજે ૬ વાગે મહેસાણાની સાર્વજનિક સ્કૂલના કેમ્પસમાં આવેલ કમળાબા હોલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ■

# સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ યુજીવીસીએલ દ્વારા યોજાયો સાંસ્કૃતિક કાર્યક્રમ

તારીખ ૧૪-૦૮-૨૦૧૮ના રોજ સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ ઉત્તર ગુજરાત વીજ કંપનીના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપ પી. (આઈ.એ.એસ.)ના માર્ગદર્શન હેઠળ યુજીવીસીએલ દ્વારા કમળાબા હોલ, સાર્વજનિક સ્કૂલ, મહેસાણા ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

### આ કાર્યક્રમમાં ઉપસ્થિત અધિકારીશ્રીઓ...

- માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપ પી.
- મુખ્ય ઈજનેર (પી.) શ્રી પી. બી. પંડ્યા
- જનરલ મેનેજર (ફાઈનાન્સ) એન્ડ સી. એફ. ઓ. શ્રી આર. બી. કોઠારી
- એડિશનલ ચીફ એન્જિનીયર (સિવિલ) શ્રી પી. જે. ત્રિવેદી
- એડિશનલ જનરલ મેનેજર (એચ. આર.) શ્રી એ. સી. પ્રજાપતિ
- એડિશનલ ચીફ એન્જિનીયર (ટેક. & વિજિલન્સ) શ્રી એન. સી. મકવાણા
- એડિશનલ ચીફ એન્જિનીયર (કોમર્સ) શ્રી જે. એલ. ભટ્ટ
- એડિશનલ ચીફ એન્જિનીયર (પ્રોજેક્ટ) શ્રી એસ. એ. પટેલ.

ઉપરાંત, પાલનપુર વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી એલ. એ. ગઢવી, મહેસાણા વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર શ્રી જી. એચ. એન્જિનીયર, સાબરમતી વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર શ્રી વી. એમ. શ્રોફ, હિંમતનગર વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી એલ. એફ. ડાભી તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારી ભાઈઓ-બહેનો તથા





તેમના પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં મેનેજિંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપ પી. તથા ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

સ્વાતંત્ર્ય દિવસને અનુલક્ષીને એક પછી એક કાર્યક્રમની વણઝાર કરવામાં આવી જેમાં અલૌકિક દેશભક્તિના દર્શન થયા હતા. કાર્યક્રમમાં મુખ્યત્વે ક્રમશઃ સ્વાગત ગીત, વક્તૃત્વ સ્પર્ધા, એકાંકી નાટક, દેશભક્તિ ગીતો અને નૃત્યકલાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં રજી. કચેરી, મહેસાણા, અને ચારેય વર્તુળ કચેરીના અનુક્રમે પાલનપુર, મહેસાણા, સાબરમતી અને હિંમતનગરના કર્મચારી ભાઈઓ-બહેનો અને તેઓના સંતાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને

દેશભક્તિનું અનન્ય વાતાવરણ ઊભું કર્યું હતું.

કાર્યક્રમના અંતે શ્રી સ્વરૂપ દ્વારા આ પ્રકારના કાર્યક્રમ ભવિષ્યમાં પણ યોજાય અને સર્વે અધિકારીશ્રીઓ - કર્મચારી ભાઈઓ - બહેનો અને તેઓનો પરિવાર તેમાં જોડાય તેવી આશા સેવવામાં આવી હતી.





આ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન મેનેજિંગ ડિરેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ એડીશનલ જનરલ મેનેજર (એચ. આર.) શ્રી એ. સી. પ્રજાપતિ અને ઇન્ડસ્ટ્રીઅલ રિલેશન ઓફિસર શ્રી વી. એચ. અસારી તથા તેઓની ટીમ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે સ્પર્ધકોને મોમેન્ટો આપી બિરદાવવામાં આવ્યા હતા અને અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડેપ્યુટી એન્જિનીયર શ્રી કે. ડી. બારોટ દ્વારા કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું. ■

# સદભાવના દિવસની ઉજવણી





ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના નિર્દેશ અનુસાર ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા સ્વર્ગસ્થ વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીના જન્મદિવસ નિમિત્તે એક ખાસ કાર્યક્રમ કરવા સૂચવવા આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્વર્ગસ્થ વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીના જન્મદિવસ એટલે તારીખ ૨૦ ઓગસ્ટને દર વર્ષે સદભાવના દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

આ સંદર્ભે તા. ૨૦ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ આપણી કંપની દ્વારા કોર્પોરેટ ઓફિસ, મહેસાણાના જી.ઈ.કે.સી. હોલ ખાતે સવારે ૧૧.૩૦ કલાકે તાલીમાર્થીઓ માટે સદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં એડિશનલ જનરલ મેનેજર (એચ.આર.) શ્રી એ. સી. પ્રજાપતિએ હાજરી આપી હતી.

આજ દિવસે બપોરે ૦૩.૦૦ વાગે કોર્પોરેટ ઓફિસના કોન્ફરન્સ હોલ ખાતે કોર્પોરેટ ઓફિસના અધિકારીશ્રીઓ-કર્મચારી ભાઈઓ-બહેનો માટે સદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્ય ઈજનેર (પી.) શ્રી પી. બી. પંડ્યા, કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોશી, એડિશનલ જનરલ મેનેજર (એચ.આર.) શ્રી એ. સી. પ્રજાપતિ ઉપરાંત અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓ દ્વારા કાર્યક્રમમાં સદભાવના દિવસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. ■

# યુજીવીસીએલે મેળવ્યા બે સ્કોચ ઓર્ડર ઓફ મેરિટ સન્માન

૧૯ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડને બે સ્કોચ ઓર્ડર ઓફ મેરિટ સન્માન એનાયત કરવામાં આવ્યા છે.

સ્કોચ ગ્રુપ દ્વારા નવી દિલ્હી ખાતે યોજાયેલ એક ખાસ કાર્યક્રમ દરમિયાન દરમિયાન આ ઓર્ડર ઓફ મેરિટ સન્માન ''ઓપરેશન મેનેજમેન્ટ'' અને ''સોલાર રૂફ ટોપ પ્રોજેક્ટ'' માટે કંપનીને એનાયત કરવામાં આવ્યા છે.

યુજીવીસીએલ વતી કંપનીના વિશેષ મુખ્ય ઈજનેર (ટેક. એન્ડ વિજિલન્સ) શ્રી એન. સી. મકવાણાએ આ અવોર્ડસ સ્વીકાર્યા હતા.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના નિર્દેશ અનુસાર ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા સ્કોચ એવોર્ડ માટે નોમિનેશન મોકલવામાં આવ્યું હતું, જે સંદર્ભે સ્કોચ ગ્રુપ દ્વારા કંપનીના નોમિનેશનને ધ્યાનમાં લઈને કંપનીના પરફોર્મન્સ અંગે સ્કોચ ગ્રુપના જ્યુરી સભ્યો સમક્ષ પ્રેઝન્ટેશન કરવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એ. કે. મંગલ દ્વારા આ આમંત્રણનો સ્વીકાર કરી કંપનીના વિશેષ મુખ્ય ઈજનેર (કોમર્સ) શ્રી જે. એલ. ભટ્ટ અને અધિક્ષક ઈજનેર (ટેક.) શ્રી જે. કે. દરજીને કંપની વતી પ્રેઝન્ટેશન આપવા અર્થે સ્કોચ ગ્રુપના જ્યુરી સભ્યોને મળવા સૂચના આપવામાં આવી હતી.

તા. ૨૮ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ ગુરુગ્રામ (ગુડગાંવ) સ્થિત સ્કોચ ગ્રુપના બોર્ડ રૂમ ખાતે યોજાયેલ એક ખાસ સમારંભમાં વીજ ક્ષેત્રે કાર્યરત દેશની વિવિધ ઉત્કૃષ્ટ વીજ કંપનીઓના પ્રતિનિધિયોને તથા અન્ય કંપનીઓને વિવિધ કેટેગરીઓમાં પોતાની કંપનીના પરફોર્મન્સ વિષે પ્રેઝન્ટેશન આપવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

કોર્પોરેટ એક્સેલન્સ કેટેગરી અન્વયે બે (૦૨) પ્રોજેક્ટ્સ માટે આપણી કંપનીએ પ્રેઝન્ટેશન કરવાના હોઈ, વિશેષ મુખ્ય ઈજનેર (કોમર્સ) શ્રી જે. એલ. ભટ્ટ દ્વારા ''સોલાર રૂફ ટોપ'' પ્રોજેક્ટ માટે અને અધિક્ષક ઈજનેર (ટેક.) શ્રી જે. કે. દરજી દ્વારા ''ઓપરેશન મેનેજમેન્ટ'' નામના પ્રોજેક્ટ માટે સ્કોચ ગ્રુપના જ્યુરી સભ્યો સમક્ષ પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું.



આ સમારંભમાં સ્કોચ ગ્રુપના જ્યુરી સભ્યોમાં સામેલ હતા –

- શ્રી ભૂષણ મોહન, કન્સલ્ટન્ટ એન્ડ મેન્ટર
- પ્રોફેસર વી. એન. આલોક, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન
- શ્રી નિર્મલ બંસલ, સિનિયર ફેલો – સ્કોચ ડેવેલપમેન્ટ ફાઉન્ડેશન એન્ડ ભૂતપૂર્વ બેંકર
- શ્રી અખિલેશ, સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ, સ્કોચ ગ્રુપ

પ્રેઝન્ટેશન દરમિયાન અને ત્યાર બાદ સ્કોચ ગ્રુપના જ્યુરી સભ્યો દ્વારા દરેક કંપનીના પ્રતિનિધિઓ સાથે પ્રશ્નોત્તરી કરી હતી અને વધુ માહિતી મેળવી હતી.

ત્યાર બાદ દરેક કંપનીના પ્રતિનિધિને પિયર સિલેક્શનની પ્રક્રિયામાં સામેલ કાર્ય હતા, જેમાં દરેક પ્રતિનિધિએ પોતાના સિવાય અન્ય કંપનીઓને પસંદગીના ક્રમ આપવાના હતા. ■

# ગાંધીનગર ખાતે યોજાયો વૃક્ષારોપણ કાર્યક્રમ










તારીખ ૧૧-૦૯-૨૦૧૮ના રોજ યુજીવીસીએલના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપ પી.ના અધ્યક્ષ સ્થાને સ્કાડા સેન્ટર એન્ડ ઈ.એમ.સી. કચેરી, ગાંધીનગર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સત્યનારાયણ ભગવાનની કથા રાખવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં કંપનીના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપ પી., જનરલ મેનેજર (ફાઈનાન્સ) એન્ડ સી.એફ.ઓ. શ્રી આર. બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોષી, એડિશનલ જનરલ મેનેજર (એચ.આર.) શ્રી એ.સી. પ્રજાપતિ, (ઈ.એમ.સી.) ગાંધીનગરના અધિક્ષક ઈજનેર શ્રી વાય. એ. પરમાર, વર્તુળ કચેરી સાબરમતીના અધિક્ષક ઈજનેર શ્રી વી. એમ. શ્રોફ તથા યુજીવીસીએલના અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સદર કાર્યક્રમમાં માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રી સ્વરૂપ દ્વારા તેમજ અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઈ.એમ.સી. કચેરી ખાતે સત્યનારાયણ ભગવાનની કથા રાખવામાં આવી હતી જેમાં શ્રી સ્વરૂપ તેમજ અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓએ ભાવપૂર્વક ભાગ લીધો હતો.

કથાના અંતે પ્રસાદ વહેચવામાં આવ્યો હતો તેમજ અલ્પાહારનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

અધિક્ષક ઈજનેર (ઈ.એમ.સી.), શ્રી વાય.એ. પરમાર, કાર્યપાલક ઇજનેર, શ્રી એસ.એચ. જાદવ તથા તેમની ટીમ દ્વારા સદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ■

# મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એ. કે. મંગલ અને કાર્યપાલક (મા.સં.) શ્રી એન. કે. ગાંધી માટે યોજાયો વિદાય સમારંભ

તા. ૩૦-સપ્ટેમ્બર-૨૦૧૮નારોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની કોર્પોરેટ ઓફિસ ખાતે યુજીવીસીએલના મુખ્ય ઈજનેર (ઓપરેશન) તરીકે ફરજ બજાવતા શ્રી એ. કે. મંગલ અને કાર્યપાલક (મા.સં.) તરીકે ફરજ બજાવતા શ્રી એન. કે. ગાંધીની વય મર્યાદાના કારણે થતી નિવૃત્તિને સન્માનવા માટે બપોરે ૪ વાગે કોન્ફરન્સ હોલ ખાતે વિદાય સમારંભ યોજાયો હતો.

શ્રી એ. કે. મંગલ અને શ્રી એન. કે. ગાંધીની વય મર્યાદાના કારણે કોર્પોરેટ ઓફિસમાંથી તા. ૩૦-સપ્ટેમ્બર-૨૦૧૮ના રોજ નિવૃત્ત થયા.



આ પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેર (પી.) શ્રી પી. બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાઈનાન્સ એન્ડ સી.એફ.ઓ.) શ્રી આર. બી. કોઠારી, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી. જે. ત્રિવેદી, વિશેષ મહાપ્રબંધક (માનવ સંસાધન) શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક. એન્ડ વિજીલન્સ) શ્રી એન. સી. મકવાણા, વિશેષ મુખ્ય ઈજનેર (કોમર્સ) શ્રી જે. એલ. ભટ્ટ, નાયબ મહાપ્રબંધક (એચ. આર.) શ્રી એન. બી. બલાત, નાયબ મહાપ્રબંધક (આઈ. આર.) શ્રી વી. એચ. અસારી, પાલનપુર વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી એલ. એ. ગઢવી, સાબરમતી વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી વી. એમ. શ્રોફ, મહેસાણા વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી જી. એચ. એન્જિનીયર તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારી ભાઈઓ-બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને નિવૃત્ત થનાર શ્રી એ. કે. મંગલ અને શ્રી એન. કે. ગાંધીને સારા સ્વાસ્થ્ય માટે અને પ્રવૃત્તિમય જીવન પસાર કરવા શુભેચ્છાઓ આપી હતી.

વિદાય સમારંભમાં શ્રી એન. સી. મકવાણાએ પુષ્પગુચ્છથી શ્રી એ. કે. મંગલને આવકાર્યા હતા.



શ્રી એ. કે. મંગલને શ્રીફળ, સાકર અને ચાંદીનો સિક્કો અર્પણ કરી શ્રી જે. એલ. ભટ્ટે સન્માનિત કર્યા હતા. શ્રી પી. બી. પંડ્યાએ પ્રશસ્તિપત્ર આપીને શ્રી એ. કે. મંગલની સેવાઓને બિરદાવી હતી.

શ્રી આર. બી. કોઠારીએ ચેક અર્પણ કરી નિવૃત થનાર શ્રી એ. કે. મંગલને શુભકામનાઓ પાઠવી હતી. શ્રી પી. જે. ત્રિવેદીએ શાલ ઓઢાડીને નિવૃત થનાર શ્રી એ. કે. મંગલને સન્માન આપ્યું હતું.

વિદાય સમારંભમાં શ્રી એન. બી. બલાતે પુષ્પગુચ્છથી





શ્રી એન. કે. ગાંધીને આવકાર્યા હતા. શ્રી એન. કે. ગાંધીને શ્રીફળ, સાકર અને ચાંદીનો સિક્કો અર્પણ કરી શ્રી એ. સી. પ્રજાપતિએ સન્માનિત કર્યા હતા. શ્રી પી. બી. પંડ્યાએ પ્રશસ્તિપત્ર આપીને શ્રી એન. કે. ગાંધીની સેવાઓને બિરદાવી હતી.

શ્રી આર. બી. કોઠારીએ ચેક અર્પણ કરી નિવૃત થનાર શ્રી એન. કે. ગાંધીને શુભકામનાઓ પાઠવી હતી. શ્રી પી. જી. બ્રહ્મભટ્ટે શાલ ઓઢાડીને નિવૃત થનાર શ્રી એન. કે. ગાંધીને સન્માન આપ્યું હતું.

પ્રાસંગિક પ્રવચનમાં એચ. આર. વિભાગના વિશેષ મહાપ્રબંધક શ્રી એ. સી. પ્રજાપતિએ શ્રી એ. કે. મંગલની યુજીવીસીએલના મુખ્ય ઈજનેર તરીકેની કામગીરીની પ્રશંશા કરી હતી અને તેમની સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા તેમજ શ્રી એન. કે. ગાંધી સાથેના કામગીરીના અનુભવો વાગોળ્યા હતા.

સમારંભમાં શ્રી એ. કે. મંગલે અને શ્રી એન. કે. ગાંધીએ પોતાના કાર્યકાળ દરમિયાન બનેલા મહત્ત્વના પ્રસંગોને વર્ણવ્યા હતા અને પોતાના સંસ્મરણો યાદ કર્યા હતા.

ત્યારબાદ કોર્પોરેટ ઓફિસની પરંપરા પ્રમાણે નિવૃત્તિ સમારંભમાં હાજર તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીઓને આઈસક્રીમ ખવડાવી વિદાય સમારંભની પૂર્ણાહુતી કરવામાં આવી હતી અને શ્રી એ. કે. મંગલ અને શ્રી એન. કે. ગાંધીને ભાવ-સભર વિદાય આપવામાં આવી હતી. ■







### સુજલામ સુફલામ જળ સંચળ અભિયાન અંતર્ગત

# ચારૂપ ગામ ખાતે તળાવને ઊંડું કરવાનો કાર્યક્રમ યોજાયો




ગુજરાત સરકારશ્રીના માર્ગદર્શન અનુસાર ''સુજલામ સુફલામ જળ સંચય યોજના'' અંતર્ગત ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના ચારૂપ ગામ ખાતે એક ખાસ ઝુંબેશ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં કોર્પોરેટ ઓફિસના સિવિલ સેક્શનના વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી, અધિક્ષક ઈજનેર (સિવિલ) શ્રી કે.ડી. ચૌધરી, કાર્યપાલક ઈજનેર શ્રી સી.વી. જોષી, અન્ય કર્મચારીઓ તથા ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



તા. ૨૫ મે, ૨૦૧૮ના રોજ ચારૂપ ગામ ખાતે આવેલ તળાવમાંથી ૬,૦૦૦ ઘન ફુટ માટી કાઢીને તળાવને ઊંડો કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.




સુજલામ સુફલામ જળ સંચય યોજના અંતર્ગત આ તળાવને ઊંડો કરવાનો તમામ ખર્ચ યુજીવીસીએલ દ્વારા ઉપાડવામાં આવશે.

આ તળાવને ઊંડો કરવાથી જળ સ્તર ઊંચું આવશે અને પાણી પ્રાપ્ય બનશે તથા વરસાદી પાણીનો વધુ સંગ્રહ શક્ય બનશે.





જળ સ્તર ઊંચું આવવાના કારણે ચારૂપ ગામ તથા આસપાસના વિસ્તારોમાં ખેડૂતો તથા પશુ-પક્ષીઓને ચોમાસા બાદ પણ પાણી મળી રહેશે એવી સબળ આશા સેવાઈ રહી છે. ■

# શેલ્બી હોસ્પિટલ, અમદાવાદ તરફથી
# યુજીવીસીએલ ખાતે યોજાયો હેલ્થ ચેકઅપ કેમ્પ









તા. ૧૮-૦૭-૨૦૧૮ના રોજ યુજીવીસીએલની કચેરીઓમાં ફરજ બજાવતા અધિકારીશ્રીઓ/કર્મચારીઓ તેમજ તેમના આશ્રિત કુટુંબીજનો માટે શેલ્બી હોસ્પિટલ, અમદાવાદ તરફથી ફ્રી હેલ્થ ચેકઅપ કેમ્પ તથા હેલ્થ અવેરનેસ ટોકનું આયોજન રજીસ્ટર્ડ કચેરીના નવા બિલ્ડીંગ ખાતે આવેલા કોન્ફરન્સ હોલમાં કરવામાં આવ્યું હતું.

યુજીવીસીએલના વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) શ્રી એ.સી. પ્રજાપતિ તથા તેમની ટીમ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

શેલ્બી હોસ્પિટલના અનુભવી પ્રતિનિધિ તરીકે કેન્સર સ્પેશિયાલિસ્ટ ડૉ. કિન્નર શાહ તથા કાર્ડિયોલોજિસ્ટ ડૉ. લાલ ડાગા તથા તેમની ટીમે આ શિબિરમાં ઉપસ્થિત રહીને કર્મચારીઓને સ્વાસ્થ્ય અંગે સમજ પૂરી પાડી હતી.

શેલ્બી હોસ્પિટલના અનુભવી મેડિકલ ઓફિસરોએ ઉપસ્થિત તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીઓ તથા તેમના આશ્રિત કુટુંબીજનોના નીચે દર્શાવ્યા પ્રમાણેના વિવિધ મેડિકલ ટેસ્ટ કર્યા હતાં અને સ્વાસ્થ્ય જાગૃતિ બાબતે સલાહ આપી હતી.

(1) Orthopedic Checkup
(2) Eye Checkup
(3) General Physician Checkup
(4) Blood Pressure Monitoring (BP)
(5) Random Blood Glucose Check
(6) BMI (Body Mass Index)
(7) Height Weight

તદુપરાંત, શેલ્બી હોસ્પટલની નિષ્ણાતોની ટીમ દ્વારા બપોરે ૧૫:૩૦થી ૧૬:૩૦ કલાકે હેલ્થ અવેરનેસ ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું. કંપનીના કર્મચારીઓએ તેઓના સ્વાસ્થ્ય બાબતે વિવિધ પ્રશ્નો આ ટીમ સમક્ષ રજૂ કર્યા હતાં અને સારા સ્વાસ્થ્ય બાબતે નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન મેળવ્યું હતું.

આમ, શેલ્બી હોસ્પિટલ દ્વારા કંપનીમાં કાર્યરત કર્મચારીઓ તથા તેઓના આશ્રિત કુટુંબીજનો માટે એચ. આર. સેક્શન દ્વારા નિઃશુલ્ક હેલ્થ ચેક અપ કેમ્પનું તથા હેલ્થ અવેરનેસ ટોકનું સુંદર આયોજન કરવામાં આવ્યું. ■

# ૧૩મી ઈન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું હિંમતનગર વર્તુળ કચેરી દ્વારા આયોજન

તા. ૧૭/૦૬/૨૦૧૮ના રોજ હિંમતનગર વર્તુળ કચેરીના યજમાન પદે જે.બી શાહ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, મોડાસા કોલેજના ટેબલ ટેનિસ હોલ ખાતે ૧૩મી ઇન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોર્પોરેટ ઓફિસ, પાલનપુર, સાબરમતી, મહેસાણા અને હિંમતનગર વર્તુળ કચેરીઓના અધિકારીશ્રીઓ - કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન હિંમતનગર વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી એલ.એફ. ડાભીના માર્ગદર્શન હેઠળ મોડાસા વિભાગીય

### ૧૩મી ઈન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન/રનર્સઅપ થયેલ પુરૂષ ખેલાડીઓની યાદી

| નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી એસ. એચ. જાદવ | કાર્યપાલક ઇજનેર | ઇ. એમ. સી., ગાંધીનગર | સિંગલ ચેમ્પિયન |
| શ્રી પી. પી. પ્રજાપતિ | આસિસ્ટન્ટ લાઈનમેન | પે. વિ. કચેરી, જગૂદણ | સિંગલ રનર્સ અપ |
| શ્રી એસ. એચ. જાદવ | કાર્યપાલક ઇજનેર | ઇ. એમ. સી., ગાંધીનગર | ડબલ્સ ચેમ્પિયન |
| શ્રી જી. ડી. મોદી | નાયબ ઈજનેર | ઇ. એમ. સી., ગાંધીનગર | |
| શ્રી એન. પી. પટેલ | જૂનિયર પ્રોગ્રામર | રજી. કચેરી, મહેસાણા | ડબલ્સ રનર્સ અપ |
| શ્રી જે. એમ. સોની | જૂનિયર આસિસ્ટન્ટ | રજી. કચેરી, મહેસાણા | |

### ૧૩મી ઈન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન/રનર્સઅપ થયેલ મહિલા ખેલાડીઓની યાદી

| નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રીમતી એ. એ. ગુપ્તા | જૂનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી, પાલનપુર-૧ | સગલ ચેમ્પિયન |
| શ્રીમતી એન. બી. પટેલ | નાયબ ઈજનેર | વિભાગીય કચેરી, તલોદ | સિંગલ રનર્સ અપ |
| શ્રીમતી એ. એ. ગુપ્તા | જૂનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી, પાલનપુર-૧ | ડબલ્સ ચેમ્પિયન |
| શ્રીમતી સી. એચ. મોદી | ના. અધિક્ષક (વહીવટ) | વિભાગીય કચેરી, પાલનપુર-૧ | |
| શ્રીમતી એન. બી. પટેલ | નાયબ ઈજનેર | વિભાગીય કચેરી, તલોદ | ડબલ્સ રનર્સ અપ |
| શ્રીમતી એમ. એસ. ભટ્ટ | જૂનિયર આસિસ્ટન્ટ | વર્તુળ કચેરી, હિંમતનગર | |

## ૩મી ઈન્ટર કંપની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ માટે પસંદગી થયેલ યુજીવીસીએલની પુરૂષ ખેલાડી ટીમ

| ક્રમ | નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી એસ. એચ. જાદવ | કાર્યપાલક ઈજનેર | ઇ. એમ. સી. ગાંધીનગર |
| ૨. | શ્રી પી. પી. પ્રજાપતિ | આસિસ્ટન્ટ લાઈનમેન | પે. વિ. કચેરી, જગૂદણ |
| ૩. | શ્રી એન. પી. પટેલ | જૂનિયર પ્રોગ્રામર | કોર્પોરેટ કચેરી, મહેસાણા |
| ૪. | શ્રી જે. એમ. સોની | જૂનિયર આસિસ્ટન્ટ | કોર્પોરેટ કચેરી, મહેસાણા |
| ૫. | શ્રી જે. એમ. સૈયદ | સિનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી, પાલનપુર-૧ |
| **સ્ટેન્ડ બાય ખેલાડીઓ** | | | |
| ૧. | શ્રી જી. ડી. મોદી | નાયબ ઈજનેર | ઇ. એમ. સી., ગાંધીનગર |
| ૨. | શ્રી એસ. પી. જોશી | જૂનિયર આસિસ્ટન્ટ | વર્તુળ કચેરી, હિંમતનગર |

## ૩મી ઈન્ટર કંપની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ માટે પસંદગી થયેલ યુજીવીસીએલની મહિલા ખેલાડી ટીમ

| ક્રમ | નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી એ. એ ગુપ્તા | જૂનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી, પાલનપુર-૧ |
| ૨. | શ્રીમતી એન. બી. પટેલ | નાયબ ઈજનેર | વિભાગીય કચેરી, તલોદ. |
| ૩. | શ્રીમતિ સી. એચ. મોદી | નાયબ અધિક્ષક (વહીવટ) | વિભાગીય કચેરી, પાલનપુર-૧ |
| ૪. | શ્રીમતી એ. એ. પટેલ | જૂનિયર આસિસ્ટન્ટ | વર્તુળ કચેરી, સાબરમતી |
| **સ્ટેન્ડ બાય ખેલાડીઓ** | | | |
| ૧. | શ્રીમતી એમ. એસ. ભટ્ટ | જૂનિયર આસિસ્ટન્ટ | વર્તુળ કચેરી, હિંમતનગર |

કચેરીના કાર્યપાલક ઈજનેર શ્રી વી.એચ. સોલંકી તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

ટુર્નામેન્ટમાં વિજેતા થયેલ ખેલાડીઓને ટ્રોફી તથા ટી-શર્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભમાં મોડાસા વિભાગીય કચેરીના કાર્યપાલક ઈજનેર શ્રી વી.એચ. સોલંકી અને ઈ.એમ.સી, ગાંધીનગરના કાર્યપાલક ઈજનેર શ્રી એસ.એચ. જાદવે ઉપસ્થિત રહીને ખેલાડીઓને પ્રોત્સાહિત કરેલ




તથા ટુર્નામેન્ટમાં સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી વી.એચ. સોલંકી અને શ્રી એસ.એચ. જાદવ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં શ્રી વી.એચ. સોલંકી અને શ્રી એસ.એચ. જાદવના વરદ હસ્તે ઇનામ વિતરણ કરવામાં આવેલ. વિજેતા ખેલાડીઓને આગામી ઈન્ટર કંપની ટુર્નામેન્ટમાં સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. આમ, હિંમતનગર વર્તુળ કચેરીના યજમાનપદે ૧૩મી ઈન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ■



## જૂની ટેક્નોલોજીનો ભાર છોડો
## નવી ટેક્નોલોજીના એલઈડી બલ્બ અપનાવો

UGVCL

# આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઇલ આઈડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
setech@ugvcl.com
managercc@ugvcl.in
mitesh@ugvcl.in